**REF: MDOL/CS-SE/2024-25/0026** **October 8,2024**

**To,**
Listing Department
**BSE Ltd**
1st Floor, New Trade Wing,
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street, Fort,
Mumbai – 400 001

Listing Department
**National Stock Exchange of India Limited**
"Exchange Plaza", 5th Floor,
Plot No. C-1, Block G,
Bandra - Kurla Complex,
Bandra(E), Mumbai – 400 051

**Scrip Code: 532637**

**Symbol: MANGALAM**

**Subject: Intimation to Stock Exchange under Regulation 30 of SEBI (Listing Obligations and Disclosures Requirements) Regulations 2015 ("LODR Regulations")**

**Reference:**

The Company being accused by the Complainant (Gujarat Pollution Control Board, Vapi) in the matter bearing **Case No.8766/06**, the order dated 14th September,2024 passed by the Vapi Additional Chief Judicial Magistrate Saheb Court, Vapi, District Valsad and physical order copy was received as on 08th of October, 2024.

In continuation of that, we wish to intimate that, an order was pronounced by Vapi Additional Chief Judicial Magistrate Saheb Court, Vapi, District Valsad.

In terms of the order passed by the Local Court of Vapi, the translation of the Final Order is given below:

Judgment: -

: Final Order:

The facts of the case of the prosecution are briefly as follows: - The accused have violated the conditions of the Consent Order permission by the industry during the visit of the complainant on the date and time of making the offense as per section 15, 16 of the Environment Act has been committed within the jurisdiction of this court Complaint in this court is entered.

The accused have committed the crime as stated in the complaint on the above facts. Those who have voluntarily admitted the crime and are their first offense and are men with children have applied for a lesser penalty considering their financial situation and weak circumstances. Considering namdar Gujarat High Court Judge Shri J.N. Bhatt Saheb's judgment in State of Gujarat vs. Natwar Harchandji Thakur 2005(1) GLR 709: 2005(1) GSD 749 has ruled to impose minimum punishment.

Regarding the same fact, the judgment of the famous Gujarat High Court in Criminal Appeal No: - 918 of 1990 with Criminal Misc. Reading Application No. 2016 of 1990 in Criminal Appeal No. 918 of 1990, it has been held that the court has the power to record reasons and order in the larger interest of justice even in the case of lesser punishment. Considering the fact that this is the first offense of the accused and the people with children, the financial situation and weak circumstances, along with the overflow of such cases in the courts, special sittings were organized from time to time to find out such cases. Keeping in view the fact that the instructions are being given by the reputed Gujarat High Court for analysis, the accused have verbally given an assurance in front of the court that they will not commit any such crime again, if the accused family members are members of the clan, they will be punished with a heavier fine or imprisonment. It is not considered appropriate to send the accused to jail even though the burden of feeding his family is on the accused. At the same time, if the accused is fined more, the amount that the accused can spend on his family members, even if the amount that the accused can afford to pay to the government as a fine, it seems that the family members of the accused have to suffer, it does not seem appropriate to impose more fines. So, considering the above-mentioned reasons, in the name of this court It seems fair to give the accused a chance to reform by staying in the society without being too technical by using the power obtained from Mr. J.N. Bhatt Sahib's judgment and it seems that the interest of justice will be maintained by giving such a gentle order to his family, I order as follows.

Each accused was fined Rs, 25000/- (Rupees twenty-five in full) for violation of Section 16 read with Section 15 of the Environmental Protection Act, 1986 under Section 252 of the Code of Criminal Procedure. 75,000/- (one lakh seventy-five thousand) is ordered to pay fine. Considering the age of the accused and the fact that it is a first offense and keeping in mind the responsibility of his family, along with keeping in mind the judgment of the reputed Gujarat High Court State of Gujarat vs. Natwar Harchandji Thakur 2005(1) GLR 709: 2005(1) GSD 749, imprisonment is not imposed subject to the above reasons. If the accused does not pay the fine, the punishment of simple imprisonment for 60 days, perpetuation of interim orders in respect of the property in question, destruction of other valueless property. This day, 14 September 2024, was read and declared under my signature.

B.J. Patel
Additional Chief Judicial Magistrate., Vapi, Dist. Valsad.
GJ 00977

# Mangalam Drugs and Organics Limited

Regd. Office : Rupam Building, 3rd Floor, 239 P. D'Mello Road, Near G. P. O. Mumbai - 400 001.
91-22-62616200 / 6300 / 8787 91-22-62619090 • CIN : L24230MH1972PLC116413

MANGALAM
WHO-GMP
Accredited

The Copy of Final Order is herewith attached for your consideration and reference. (Received in Gujarati Language)

Thanking You,

Yours Faithfully,
For **Mangalam Drugs & Organics Limited**

GOVARDHAN
MURLIDHAR
DHOOT

Digitally signed by GOVARDHAN MURLIDHAR DHOOT
DN: c=IN, st=Maharashtra,
2.5.4.20=a8d60cd4025b10e5578f1e5c380e5c4e947607699fb686f7cf
dbf8a0f128e144, postalCode=400020, street=NEAR C C I CLUB
Mumbai MARINE DRIVE,
pseudonym=631ddfffce7547ff945bdeb35bebfac7, title=0683,
serialNumber=991408e5dc7c468ab9252d74c2299d760c060798ffa5f
3122dc3208c32b36a3f, o=Personal, cn=GOVARDHAN MURLIDHAR
DHOOT
Date: 2024.10.08 16:43:29 +05'30'

**Govardhan M. Dhoot**
Managing Director
DIN: 01240086

નકલ અરજી નં : ૨૩૮૫ /૨૦૨૪

અર. ૭૯ / ઓડીનરી

આ અરજી નકલ માટે આવી આરોપી તર્ફે વકીલ શ્રી જે. દેસાઈ

તારીખ : ૦૪ મી માહે ૧૦ ૨૦૨૪

ઈ/ચા રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, વાપી

નકલ અરજીની પૂર્તતા તારીખ ૦૪ મી માહે ૧૦ ૨૦૨૪

ઈ/ચા રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, વાપી

આ નકલ અરજી આપવા જોગ તૈયાર કરી તારીખે ૫ મી માહે ૧૦ ૨૦૨૪

ઈ/ચા રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, વાપી

આ નકલ અરજી આપ્યા તારીખ ૫ મી માહે ૧૦ ૨૦૨૪

ઈ/ચા રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, વાપી

પાના : ૦૮

કેરોક્ષ ફી ૫૪-૦૦

મુકાબલા ફી ૨૬-૦૦

સરચાર્જ ફી ૬-૦૦

કુલ રૂપિયા ૯૬-૦૦

ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE VAPI

## મહેરબાન પારડીના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં

ફો. કે. નં. :૧૫૩૦/૨૦૦૫

| પક્ષકારોના નામ | ઉ.આ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| **ફરિયાદી :-** | | | |
| ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તરફે વાપીની પ્રાદેશિક કચેરીના રીજીયોનલ ઓફિસર **શ્રી દિલીપભાઇ બી. દેસાઇ** | પુખ્તવયના | નોકરી | ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સી-૫/૧૨૪, જી.આઇ.ડી.સી. વાપી. |
| | **વિરૂધ્ધ** | | |
| **આરોપી :-** | | | |
| ૧. મંગલમ ડ્રગ્સ એન્ડ ઓર્ગેનિકસ લિમીટેડ (યુનિટ - ૨) | --- | વેપાર | પ્લોટ નં. ૧૨૦૩, થર્ડ ફેઝ, જી.આઇ.ડી.સી. વાપી, તા. પારડી, જિ. વલસાડ. |
| ૨. શ્રી આર. આર. ધુત (ડાયરેકટર) | પુખ્તવયના | વેપાર | એડવન્ટ, જન.જી.જે. ભોંસલે મા માર્ગ, નરીમાન પોઇન્ટ, મુંબઇ. |
| ૩. શ્રી અજય આર. ધુત (ડાયરેકટર) | પુખ્તવયના | વેપાર | ..........એજન.......... |
| ૪. શ્રી ગોવર્ધન એમ. ધુત (ડાયરેકટર) | પુખ્તવયના | વેપાર | ૨૧૪, ઓશિયાના, મરીન ડ્રાઇવ, મુંબઇ. |
| ૫. શ્રી અશોકકુમાર આર. બુબ (ડાયરેકટર) | પુખ્તવયના | વેપાર | ૧૦, મંગલમ રેસીડેન્શીયલ એરીયા, જી.આઇ.ડી.સી., વાપી. |
| ૬. શ્રી ઇકબાલ ચૌહાણ (જનરલ મેનેજર) | પુખ્તવયના | વેપાર | પ્લોટ નં. ૧૨૦૩, થર્ડ ફેઝ, જી.આઇ.ડી.સી. વાપી, તા. પારડી, જિ. વલસાડ. |
| ૭. શ્રી પીયુષ દેસાઇ (મેનેજર) | પુખ્તવયના | વેપાર | ........એજન.......... |

**ફરિયાદ :-** એન્વાયરમેન્ટ ઇમ્પેકટ એસેસમેન્ટ નોટીફીકેશન ૧૯૯૪ ની જોગવાઇઓના ભંગ બદલ પર્યાવરણ સુરક્ષા ધારા ૧૯૮૬ ની કલમ ૧૫ સાથે વાંચતાં કલમ ૧૬ હેઠળની સજાના ગુનાની ફરિયાદ.

**નોંધ :-** આરોપી નં. ૬, આરોપી નં. ૧ કંપનીના જનરલ મેનેજર હોવાથી આરોપી નં. ૧ કંપનીનો સમન્સ આરોપી નં. ૬ ને બજવવો.

હમો ફરિયાદીની હકીકત નીચે મુજબ છે.

૧. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ એક સ્ટેચ્યુટરી બોર્ડ (જેનો હવે પછી આ

Contd...(2)

ફરિયાદમાં બોર્ડ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) છે. આ બોર્ડની રચના પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ ૧૯૭૪ ની કલમ ૪ હેઠળ કરવામાં આવેલ છે. બોર્ડની મુખ્ય કચેરી સેકટર નં. ૧૦-એ, ગાંધીનગર ખાતે આવેલ છે. અને એક પ્રાદેશિક કચેરી વાપી મુકામે આવેલ છે. અમો ફરીયાદી વાપી કચેરીમાં તા. ૧-૬-૨૦૦૪ થી રીજીયોનલ ઓફિસરના હોદ્દાની રૂએ ફરજ બજાવીએ છીએ. અમો ફરીયાદી પર્યાવરણ સુરક્ષા ધારો ૧૯૮૬ ની કલમ ૨૧ મુજબ પબ્લીક સર્વન્ટ છીએ.

૨. અમો ફરિયાદી હોદ્દાની રૂએ પર્યાવરણ સુરક્ષા ધારો ૧૯૮૬ ની કલમ ૧૯ ના કલોઝ (એ) હેઠળ ભારત સરકારના વન પર્યાવરણ વિભાગના તા. ૧૬-૪-૧૯૮૭ ના નોટીફિકેશન મુજબ અધિકૃત ઓથોરિટી હોવાથી હમો ફરિયાદીએ આરોપીઓ સામે પર્યાવરણ સુરક્ષા ધારો ૧૯૯૬ હેઠળ આ ફરિયાદ દાખલ કરેલી છે.

૩. આ કામના આરોપી નં. ૧ લિમિટેડ કંપની છે તથા આરોપી નં. ૨ થી ૫ ના તેના ડાયરેકટરો છે. આરોપી નં. ૬ કંપનીના જનરલ મેનેજર છે. તથા આરોપી નં. ૭ ના કંપનીના મેનેજર છે. તે તમામ આરોપી નં. ૧ કંપનીના રોજબરોજના વહીવટ અને સંચાલનમાં જવાબદાર હોવાથી તમામ સામે આ ફરિયાદ દાખલ કરેલ છે.

૪. આ કામના આરોપીઓ આપ નામદાર કોર્ટની હકુમતમાં તેમનો ડ્રગ્સ એન્ડ ડાઇઝ ઇન્ટરમીડીએટસ તથા બલ્ક ડ્રગ્સ બનાવવાનો ઔદ્યોગિક પ્લાન્ટ ચલાવે છે અને કાચા માલ તરીકે જુદા જુદા પ્રકારના કેમિકલોનો ઉપયોગ કરી ડ્રગ્સ એન્ડ ડાઇઝ ઇન્ટરમિડીએટ્સ તથા બલ્ક ડ્રગ્સનું ઉત્પાદન કરે છે. આરોપીઓ તેમનો ઉદ્યોગ નામદાર કોર્ટની હકુમતમાં ચલાવતા હોઇ આ ફરિયાદ સાંભળવા નામદાર કોર્ટને હકુમત છે.

૫. આરોપી નં. ૧ કંપનીએ પાણી (પ્રદૂષણ નિવારણ નિયંત્રણ) અધિનિયમ ૧૯૭૪ ની કલમ ૨૫ હેઠળ તથા હવા (પ્રદૂષણ

Contd...(3)

કલીઅરન્સ મેળવ્યા વગર કોઈપણ ઉદ્યોગ વિસ્તૃતીકરણ, આધુનિકરણ કે નવો ઉદ્યોગ ચાલુ કરી શકે નહીં તેવી સ્પષ્ટ જોગવાઇ સદર નોટીફીકેશનમાં જણાવેલ છે. સદર નોટીફિકેશનના શિડયુલ-૧ આઇટમ નં. ૮ બલ્ક ડ્રગ્સનું ઉત્પાદન આરોપી નં. ૧ કંપની દ્વારા કરવામાં આવતું હોય પ્રોડકશન શરૂ કરતાં પહેલાં નોટીફીકેશનની જોગવાઇઓ મુજબ એન્વાયરમેન્ટલ કલીઅરન્સ ભારત સરકારના વન પર્યાવરણ વિભાગ નવી દિલ્હી પાસેથી મેળવવાનું હતું. બોર્ડ દ્વારા પણ કલીઅરન્સ ઓર્ડર્સ નં. ૧૮૪૮, તા. ૨૫-૩-૨૦૦૪ ના રોજના કન્સેન્ટ ઓર્ડર્સમાં પણ આ અંગે સ્પષ્ટ શરત જણાવેલી હતી. આમ છતાં આરોપીઓએ તેમના ઉદ્યોગનાં પ્લાન્ટમાં બલ્ક ડ્રગ્સ તથા ડ્રગ્સ એન્ડ ડાઇઝ ઇન્ટરમીડીએટનું ઉત્પાદન એન્વાયરમેન્ટલ કલીઅરન્સ સર્ટીફિકેટ મેળવ્યા વગર શરૂ કરી દીધેલ. આ અંગે બોર્ડની વાપી કચેરીના અધિકારીશ્રીઓએ આરોપી નં. ૧ કંપનીની રૂબરૂ મુલાકાત અનુક્રમે તા. ૧૩-૪-૦૪ તથા ૪-૮-૦૪ ના રોજ લીધેલી. અને આરોપી કંપનીના મેનેજર શ્રી પિયુષ દેસાઇને પાણી (પ્રદૂષણ નિવારણ નિયંત્રણ) ૧૯૭૪ ની જોગવાઇઓ હેઠળ જરૂરી નોટીસોની બજવણી કર્યા બાદ આરોપીઓના ઉદ્યોગનું નિરીક્ષણ કરતાં માલમ પડેલ કે આરોપી ઉદ્યોગમાં બલ્ક ડ્રગ્સ અને ડ્રગ્સ એન્ડ ડાઇઝ ઇન્ટરમિડીએટ્સ તથા બાય પ્રોડકટનું ઉત્પાદન કરવામાં આવતું હતું. આરોપી નં. ૧ કંપનીની રૂબરૂ મુલાકાત અંગે જરૂરી ઇન્સપેકશન રીપોર્ટ બોર્ડના અધિકારીશ્રીઓએ તૈયાર કરેલ જે રીપોર્ટ અલગ દસ્તાવેજી પુરાવાના લીસ્ટથી રજૂ કરેલ છે. વધુમાં, બોર્ડની ગાંધીનગર કચેરીના પત્ર ક્રમાંક ઇકસેલ/વીએસડી-૮/૧૧૫૬૨, તા. ૧૩-૪-૦૪ થી આરોપી કંપનીને એન્વાયમેન્ટ કલીઅંરન્સ બાબત પત્ર મોકલવામાં આવેલ. જે પત્રની નકલ અલગ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજૂ રાખેલ છે.

૬. આરોપી કંપનીએ કેટલીક નવી પ્રોડકટ્સના પ્રોડકશન માટે બોર્ડની એન.ઓ.સી. મેળવવા તા. ૧૩-૪-૨૦૦૪ ના રોજ ફરિયાદી બોર્ડને

Contd...(5)

નિવારણ નિયંત્રણ) અધિનિયમ ૧૯૮૧ ની કલમ ૨૧ હેઠળ તથા હેઝાર્ડસ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ એન્ડલીંગ) રૂલ્સ ૧૯૮૯, ૨૦૦૩ હેઠળ કન્સેન્ટસ તથા ઓથોરાઇઝેશન મેળવવા માટે કોન્સોલીડેટે કન્સેન્ટ એન્ડ ઓથોરાઇઝેશન (સી.સી. એન્ડ એ.) અરજી તા. ૫-૧૧-૨૦૦૩ ના રોજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને કરેલ. સદર અરજીઓ અંગે યોગ્ય ચકાસણી કર્યા બાદ આરોપી નં. ૧ કંપનીને કન્સેન્ટ ઓર્ડર્સ નં. ૧૮૪૮, તા. ૨૩-૪-૨૦૦૪ નો બોર્ડ તરફથી ઇસ્યુ કરવામાં આવેલ. સદર કન્સેન્ટસ ઓર્ડર તા. ૭-૧૧-૨૦૦૪ સુધી આપવામાં આવેલ. આરોપી કંપનીને સદર કન્સેન્ટસ ઓર્ડર તેના ઉદ્યોગના બલ્ક ડ્રગ્સ અને ડ્રગ્સ એન્ડ ડાઇઝ ઇન્ટરમીડીએટ પ્લાન્ટ માટે આપવામાં આવેલ સદર કન્સેન્ટસ ઓર્ડરમાં આરોપી કંપનીને ઉપરોકત કાયદાઓ તથા નિયમ (રૂલ્સ) હેઠળ જૂદી જૂદી શરતો જણાવવામાં આવેલ. આ શરતો પૈકી એક શરત સ્પષ્ટ રીતે જણાવેલ કે, આરોપી કંપનીએ ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગ નવી દિલ્હી પાસેથી એન્વાયરમેન્ટલ કલીઅરન્સ મેળવ્યા વગર કોઇપણ નવી પ્રોડકટનું કે હાલમાં ચાલુ હોય તે પ્રોડકટનું વિસ્તૃતિકરણ કરવાનું ન હતું.

પર્યાવરણ સુરક્ષા ધારો ૧૯૮૬ તથા પર્યાવરણ સુરક્ષા ધારા ૧૯૮૬ હેઠળના નિયમો (રૂલ્સ) ૧૯૮૬ હેઠળની જોગવાઇઓ હેઠળ મળેલ સત્તાની રૂએ ભારત સરકારના વન પર્યાવરણ વિભાગ તરફથી એન્વાયરમેન્ટલ ઇમ્પેકટ એસેસમેન્ટ (ઇ.આઇ.એ.) નોટીફીકેશન બહાર પાડવામાં આવેલ. જે નોટીફિકેશન ભારત સરકારના તા. ૨૭-૧-૯૪ ના ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સદર નોટીફીકેશનની જોગવાઇઓ મુજબ નોટીફીકેશનના શિડયુલ-૧ માં દર્શાવેલ ઉદ્યોગોએ ઉદ્યોગના વિસ્તૃતીકરણ માટે, આધુનિકરણ માટે અગર નવા ઉદ્યોગ શરૂ કરવા માટે એન્વાયરમેન્ટલ કલીઅરન્સ કેન્દ્ર સરકાર પાસેથી મેળવવા અંગેની જોગવાઇ છે. અને એન્વાયરમેન્ટલ

Contd...(4)

અરજી કરેલ તે અરજી સંબંધે યોગ્ય ચકાસણી કર્યા બાદ બોર્ડ તરફથી પત્ર નંબર પીસી/એનઓસી/વીએસડી/૨૫૯૨/સીસીએ-૨૭૮/૩૧૬ ૩૩ તા. ૪-૧૦-૨૦૦૪ થી અરજી સંબંધે અરજીની પૂર્તતા માટે ખૂટતી વિગતો તથા માહિતી મંગાવતો પત્ર આરોપી કંપનીને મોકલવામાં આવેલ ત્યારબાદ આરોપી કંપની તરફથી પ્રત્યુત્તર મળેલ ન હોવાથી બોર્ડ દ્વારા પત્ર નંબર પીસી/એનઓસી/વીએસડી/૨૫૯૨/સીસીએ/વીએસડી/૨૭૮/૩૨૭૧૨ તા. ૨-૧૧-૨૦૦૪ થી આરોપી કંપનીની તા. ૧૩-૪-૨૦૦૪ ની એનઓસી રદ કરવામાં આવેલ છે.

૭. ત્યારબાદ આરોપી કંપનીની એકસ પોસ્ટ ફેકટો એન્વાયરમેન્ટલ કલીઅરન્સ મેળવવાની અરજી સંબંધે સદર નોટીફીકેશન તા. ૨૭-૧-૯૪ ની કાયદાકીય જોગવાઇ મુજબની તમામ કાયદાકીય જોગવાઇઓની પૂર્તતા થયા બાદ તમામ જરૂરી દસ્તાવેજો જે ભારત સરકારના વન પર્યાવરણના વિભાગને મળેલ તે તમામ લક્ષમાં લઇ ભારત સરકારના વન પર્યાવરણ વિભાગ, નવી દિલ્હી તરફથી તા. ૨૭-૧૨-૯૪ ના રોજ આરોપી કંપનીને એકસ પોસ્ટ ફેકટો એન્વાયરમેન્ટલ કલીઅરન્સ આપવામાં આવેલ. આરોપી કંપનીને કલીઅરન્સ મળ્યા બાદ પ્રોડકશન શરૂ કરવાનું હોવા છતાં ઉપરની વિગતે આરોપી કંપનીએ કલીઅરન્સ સર્ટીફિકેટ મળે તે પહેલાં પ્રોડકશન ચાલુ કરેલ હોવાથી ભારત સરકારના વન પર્યાવરણ વિભાગ નવી દિલ્હી તરફથી તેમને તા. ૨૭-૧૨-૦૪ ના પત્રથી આ ઉદ્યોગ સામે પર્યાવરણ સુરક્ષા ધારા હેઠળ પગલાં લેવા માટે ગુજરાત સરકારના વન પર્યાવરણ વિભાગને જાણ કરવામાં આવેલ અને તે પત્રની નકલ હમો ફરિયાદીના બોર્ડના અધ્યક્ષશ્રીને મોકલવામાં આવેલ. જે પત્રના અનુસંધાને બોર્ડની ગાંધીનગર કચેરીના પત્ર ક્રમાંક ગુ.પ્ર.નિ.બોર્ડ / લીગલ/ઇપીએ/બીએસડી/૩૪/૪૩૮૬ તા. ૧૧-૨-૨૦૦૫ થી

Contd..(6)

જરૂરી પેપર્સ મોકલી બોર્ડના કાયદા અધિકારી શ્રી ડી. કે. સોલંકીએ હમો ફરિયાદીને સદર ઉદ્યોગ તથા તેના સંચાલકો સામે પર્યાવરણ સુરક્ષા ધારા હેઠળ ફરિયાદ કરવા જાણ કરવામાં આવેલ હોય હમોએ તમામ કાગળો તથા દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લઇ તેનો અભ્યાસ કરી આ ફરિયાદ દાખલ કરેલ છે.

૮. આરોપીઓએ પર્યાવરણ સુરક્ષા ધારા ૧૯૮૬ તથા તે ધારા હેઠળના નિયમો ૧૯૮૬ ના નિયમો હેઠળ બહાર પાડવામાં આવેલ એન્વાયરમેન્ટ ઇમ્પેકટ એસેસમેન્ટ નોટીફીકેશન, તા. ૨૭-૧-૯૪ ની સ્પષ્ટ જોગવાઇઓનો ભંગ કરી કાયદેસર કલીઅરન્સ મળે તે પહેલાં ઉત્પાદન શરૂ કરી દીધેલ હોય આરોપીઓએ પર્યાવરણ સુરક્ષા ધારો ૧૯૮૬ ની કલમ ૧૫ સાથે વાંચતાં કલમ ૧૬ હેઠળ સજાને પાત્ર ગુનો કરેલ છે.

૯. સબબ હમો ફરિયાદીની નમ્ર અરજ છે કે,

આ કામના આરોપીઓએ એન્વાયરમેન્ટ ઇમ્પેકટ એસેસમેન્ટ નોટીફીકેશન તા. ૨૭-૧-૯૪ ની જોગવાઇઓનો ભંગ કરી પર્યાવરણ સુરક્ષા ધારા ૧૯૮૬ ની કલમ ૧૫ સાથે વાંચતાં કલમ ૧૬ મુજબની સજાને પાત્ર ગુનો કરેલ હોવાથી તમામ આરોપીઓ સામે પ્રોસેસ ઇસ્યુ કરી કાયદામાં ફરમાવ્યા મુજબની જરૂરી શિક્ષા કરવા યોગ્ય હુકમ કરશોજી.

સ્થળ : પારડી

તારીખ : ૧૯/૦૩/૨૦૦૪

(ડી. બી. દેસાઇ)

રીજીયોનલ ઓફિસરશ્રી,

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, વાપી.

(ફરિયાદી)

[illegible] શીટ/ફરીયાદ/ચપન સી. ફરીયાદ [illegible]
[illegible] અને રજીસ્ટર કરી આરોપી ઉપર [illegible]
[illegible] કલમ... એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ નોટીફીકેશન ૧૯૯૪ ની જોગવાઇઓનો ભંગ [illegible]
[illegible] ૧૯.૦૩.૦૫

[illegible] ૨૨.૩.૦૫

## હુકમ

નોંધવું કામે આ.ફ. ૩ની ફરિયાદની
અરજી મંજૂર કરી પો.ઈ. નવસારી કોર્ટમાં આરોપીની
ફરિયાદના આધારે છાપી ગુજરાતમાં આવશે.

તા. ૨/૧૦/૧૫
વાપી

જ્યુડી. મેજી. ફ.ક.
વાપી

5/10/15

CHIEF JUDICIAL MAGISTRATE

નકલ અરજી નં : ૨૩૮૫ /૨૦૨૪

અરજન્ટ / ઓર્ડીનરી

આ અરજી નકલ માટે આવી આરોપી તરફે વ.શ્રી બી.જે. દેસાઈ

તારીખ ૦૪ મી માહે ૧૦ ૨૦૨૪

(સહી)
ઈ/ચા રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, વાપી

નકલ અરજીની પૂર્તતા તારીખ ૦૪ મી માહે ૧૦ ૨૦૨૪

(સહી)
ઈ/ચા રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, વાપી

આ નકલ અરજી આપવા જોગ તૈયાર કરી તારીખ ૫ મી માહે ૧૦ ૨૦૨૪

(સહી) 5/10/24
ઈ/ચા રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, વાપી

આ નકલ અરજી આપ્યા તારીખ ૫ મી માહે ૧૦ ૨૦૨૪

(સહી) 5/10/24
ઈ/ચા રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, વાપી

| | |
|---|---|
| પાના | ૦૨ |
| કોપીંગ ફી | ૧૩-૦૦ |
| મુકાબલા ફી | ૫-૦૦ |
| સરચાર્જ ફી | ૧-૦૦ |
| કુલ રૂપિયા | ૧૯-૦૦ |

CHIEF JUDICIAL MAGISTRATE VAPI

૩૦૧૬-૫૩

વાપીના એડી. ચીફ જયુ. મેજીસ્ટ્રેટ શ્રી બી. જે. પટેલ સાહેબની
કોર્ટમા, વાપી, જી. વલસાડ.

ફો.કેસ નં. ૬૭૫૬ / ૨૦૦૫

ફરીયાદી : સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી ...[illegible]... ને.૬

## :– કબુલાત પુરસીસ –:

અમો આરોપીની અરજ છે કે, આ કામે અમારા સામે આક્ષેપ કરેલ છે તે ગુનો અમોને કબુલ છે. પરંતુ અમારો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ છે.

તા.૧૪/૦૯/૨૪.

આરોપીના વિ.વ.શ્રી

(કે.બી. ઉપાધ્યાય)

(નં: 1)
(નં: 2)
(નં: 3)
(નં: 4)
(નં: 5)
(નં: 6)
(નં: 7)

Prin. Senior Civil Judge &
Addl. Chief Judicial Mag.

CHIEF JUDICIAL MAGISTRATE VAPI

ઓરીજીનલ સાથે સરખાવી આપવામાં આવે છે કે અસલ પરથી ખરી નકલ કરેલ છે.

રજીસ્ટ્રાર
પ્રિન્સી.સીની.સીવીલ કોર્ટ, વાપી

નકલ અરજી નં : ૨૩૯૫ /૨૦૨૫

અરજન્ટ / ઓર્ડીનરી

આ અરજી નકલ માટે આપી આરોપી તરફે વકીલ શ્રી. જે. દેસાઈ

તારીખ ૦૪ મી માહે ૧૦ ૨૦૨૫

ઈ/ચા રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, વાપી

નકલ અરજીની પૂર્તતા તારીખ: ૦૪ મી માહે ૧૦ ૨૦૨૫

ઈ/ચા રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, વાપી

આ નકલ અરજી આપવા જોગ તૈયાર કરી તારીખ ૫ મી માહે ૧૦ ૨૦૨૫

ઈ/ચા રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, વાપી

આ નકલ અરજી આપ્યા તારીખ ૫ મી માહે ૧૦ ૨૦૨૫

ઈ/ચા રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, વાપી

પાના 03

ઝેરોક્ષ ફી ૨૧-૦૦

મુકાબલા ફી ૬-૦૦

સરચાર્જ ફી ૨-૦૦

કુલ રૂપિયા ૨૯-૦૦

ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE ... VAPI

વાપીના એડીશનલ ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમા, વાપી. જી. વલસાડ.

ફો.કેસ નં. ૮૭૬૬/૦૬ 2018-59

<u>ફરીયાદી :</u> ગુજરાત પ્રદુષણ બોર્ડ કચેરી, વાપી. સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપીઓ :– ૧) મે. મંગલમ ડ્રગ્સ એન્ડ ઓર્ગેનિક્સ, તથા ડાયરેકટર વાપી.

<u>:– જજમેન્ટ:–:</u>

ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કેઃ– આરોપીઓએ બનાવની તારીખે તથા સમયે ફરીયાદીની મુલાકાત દરમ્યાન ઉદ્યોગ ધ્વારા કન્સેન્ટ ઓર્ડર પરવાનગીની શરતોનો ભંગ કરેલ હોઈ પર્યાવરણના કાયદાની ક. ૧૫, ૧૬ મુજબનો ગુનો આ અદાલતની હકુમતમા કરેલ હોઈ આ અદાલતમા ફરીયાદ દાખલ થયેલ છે.

આરોપીઓએ ઉપરોકત હકીકતે ફરીયાદમાં જણાવ્યા મુજબ નો ગુનો કબુલ કરેલ છે. તે ગુનો કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે કબુલાત સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ્ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમા રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે.

આ જ હકીકત સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો CRIMINAL APPEAL NO. 918 of 1990 With CRIMINAL MISC.APPLICATION NO. 2016 of 1991 In CRIMINAL APPEAL NO. 918 of 1990 વંચાણે લેતા તેમા ઓછામા ઓછી સજાના ગુનામા પણ કારણોની નોંધ કરીને ન્યાયના વિશાળ હીતમા હુકમ કરી શકે તેવી કોર્ટને સત્તા રહેલ હોવાનુ ઠરાવેલ છે, જે ધ્યાને લેતા આરોપીનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખતા સાથોસાથ આ પ્રકારના કેસોનો જે ભરાવો અદાલતોમા થઈ રહેલ છે, તેમજ આ પ્રકારના કેસો ઝડપથી પુરા કરવા સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી જે અથાગ પ્રયાસો કરવામા આવી રહેલ છે, તેમજ અવારનવાર સ્પેશ્યલ સીટીંગોનુ આયોજન કરી આ પ્રકારના કેસો શોધી કાઢી પુરા કરવા માટે જે સુચનાઓ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આપવામા

આવી રહેલ છે તે હકીકત લક્ષમા રાખતા સાથોસાથ આરોપીએ અદાલત રુબરુ મૌખિક રીતે ફરીથી આ પ્રકારે કોઈ જ ગુનો નહી કરવાની ખાત્રી આપેલ હોઈ આરોપી કુટુંબ કબીલાવાળા માણસ હોઈ વધુ આકરો દંડ કે જેલની સજા કરવામા આવે તો આરોપી ઉપર તેના કુટુંબના ભરણપોષણનો આધાર રહેલ હોઈ આરોપી જેલમા જાય તો તેના પરીવારને ભુખે મરવાન વાર આવે તેવા પણ સંજોગો ઉભા થાય તેમ હોઈ આરોપીને જેલમા મોકલવાનુ ઉચિત જણાતુ નથી, સાથોસાથ જો આરોપીને વધુ દંડ કરવામા આવે તો તેના પરીવારના સભ્યો પાછળ જે રકમ આરોપી ખર્ચી શકે તેમ છે તે રકમ દંડ પેટે સરકારમા ચુકવવાથી પણ આરોપીના પરીવારના સભ્યોને સહન કરવુ પડે તેમ જણાતુ હોઈ વધુ દંડ કરવો પણ ઉચિત જણાતુ નથી, જેથી સમગ્ર ઉપર દર્શાવેલ સમગ્ર કારણો ધ્યાને લેતા આ અદાલતને નામદાર શ્રી જે.એન. ભટ્ટ સાહેબના ચુકાદાથી મળેલ સત્તાનો ઉપયોગ કરી વધુ પડતા ટેકનીકલ નહી થતા આરોપીને સમાજમા રહી સુધરવાની તક આપવી ન્યાયી જણાતુ હોઈ તેમજ તેના પરીવાર માટો પણ આ પ્રકારે હળવાશથી હુકમ કરવાથી ન્યાયનુ હીત જળવાશે તેમ જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરુ છુ.

## :: આખરી હુકમ :

દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે પર્યાવરણ સુરક્ષા ધારા ૧૯૮૬ ની ક. ૧૫ સાથે વાંચતા ક. ૧૬ ના ભંગ બદલ તકસીરવાન ઠરાવી રુા. ૨૫,૦૦૦/– ( રૂપિયા પચ્ચીસ હજાર પુરા )દંડ કુલ સાત આરોપી (કંપની તથા આરોપી ઓ )ઓના મળી રૂા.૧,૭૫,૦૦૦/– એક લાખ પંચોતેર હજાર પુરા દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે. આરોપીની ઉંમર જોતા તેમજ પ્રથમ ગુનો હોઈ તેમજ તેમના પરની પરીવારની જવાબદારી ધ્યાને રાખતા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમા રાખતા ઉપરોક્ત કારણોને આધીન કેદની સજા કરવામા આવતી નથી.જો આરોપી દંડ ન ભરે તો દિન–૬૦ (સાઈઠ )ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવા. અન્ય બિનકિંમતી મુદ્દામાલ નાશ કરવો.

આજરોજ ૧૪ સપ્ટે. સને ૨૪ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

(બી. જે. પટેલ)
એડીશનલ ચીફ જ્યુડી. મેજી. વાપી. જી. વલસાડ.
જી.જે. ૦૦૯૭૭

હાઝરશ્રીનો રીપોર્ટ કે. અત્રેની કોર્ટની ૧૦ પી ૩૬ થી ફોજદારી દંડના
રસીદ નં. ૨૫૦૦૦×૭=૧૭૫૦૦૦/– એકલાખ પંચોતેર હજાર પુરા
પુરા જમા લીધેલ છે

નાઝર ૧૬/૦૯/૨૪
તા:.......... પ્રિન્સી.સી.ની સીવીલ કોર્ટ. વાપી

રજીસ્ટ્રાર
પ્રિન્સી.સીની.સીવીલ કોર્ટ,વાપી